**CC.No.1925/ 2022**

**– : : કબુલાત પુરસીસ નીચે હુકમ : : –**

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૨) આરોપી સામે જી.પી.એકટની કલમ–૧૨૨(સી) મુજબના ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે

(૩) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. વધુમાં ગુના સમયે આરોપી નાની ઉંમરનો હોવાનું જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સં જોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ–૧૨૨(સી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા: ૧૨.૧૧.૨૦૨૨
ઓખામંડળ

(કપિલ રાજમણી યાદવ)
જયુડી.મેજી.ફ.ક., ઓખામંડળ
(જજ કોડ નં.જીજે૦૧૪૨૧)